શાંતિ તમારા હૃદયમાં જ છે
તેને બહાર શોધવાનો
પ્રયત્ન નિરર્થક છે
- રોસો ફુકાઉલ્ટ

આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૨૪૦ | ૮ નવેમ્બર, ૨૦૧૨, ગુરૂવાર; આસો વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ગાંધીનગર (દક્ષિણ)ના ચૂંટણી અધિકારી બદલાયા

નવા ચૂંટણી અધિકારી તરીકે દવેના સ્થાને ફુંચારા મુકાયા, તેઓ ભુજમાં અછતની કામગીરી બજાવતા હતા, મહેસૂલ વિભાગે નવ ડેપ્યુટી કલેકટરોની બદલીના હુકમો જારી કરતાં તંત્રમાં સન્નાટો

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર (દ)ની બેઠકના ચૂંટણી અધિકારી તરીકે નિમાયેલા નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી જે.બી. દવે સહિત નવ જેટલા નાયબ કલેકટર સંવર્ગના અધિકારીઓની બદલીના હુકમો મહેસુલ વિભાગે જારી કર્યા છે.

ચૂંટણી પંચના આદેશ અને નિર્દેશો બાદ હરકતમાં આવેલા મહેસુલ વિભાગેબદલીના આ હુકમો તાત્કાલિક અસરથી અમલમાં આવે તે રીતે કર્યા છે અને નવી નિમણુંક પામેલા અધિકારીઓને તાત્કાલિક તેમની નવી જગ્યાનો તાત્કાલિક ચાર્જ સંભાળી લેવાનો રહેશે તેમ આ આદેશની સાથે જ જણાવવામાં આવ્યું છે.

રાજયમાં પાંચ આઈ.પી.એસ. અને ચાર આઈ.એ.એસ. અધિકારીઓની બદલી બાદ નવ ડે. કલેકટર સંવર્ગના અધિકારીની બદલીના પગલે તંત્રમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.

ગાંધીનગર જિલ્લામાં નવા સીમાંકનનેપગલેનવીરચાયેલ ગાંધીનગર (દ)ની બેઠક પર ચૂંટણી અધિકારી બદલાયાની આ બીજી ઘટના બનવા પામી હોવાથી સમગ્રતંત્રમાંભારેચકચાર મચી જવા પામી છે.

પહેલાં આ બેઠકના ચૂંટણી અધિકારી ખાલી જગ્યા પંચાયતના નાયબ જિલ્લા વિકાસ અધિકારીની હોવાને કારણે મહેસુલ પ્રભાગ સંભાળતા નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી એસ.વી. પટેલ પાસે ચાર્જ હતો. આ પછી રાજય સરકારે ઓગષ્ટના અંતમાં બદલીના કરેલા સામુહિક હુકમો દરમિયાન આ ખાલી જગ્યા ભરી દેવામાં આવી હતી અને ગાંધીનગર (દ)ના ચૂંટણીઅધિકારી તરીકેશ્રી દવેએ કાર્યભાર સંભાળી લીધો હતો.

મહેસુલ વિભાગે તાત્કાલિક અસરથી શ્રી દવેની બદલી મધ્યાહન ભોજન યોજનાના નાયબ કમિશનર તરીકે કરવામાં આવી છે અને તેમની જગ્યા પર શ્રી આર.એન. ફુંચારા મુકવામાં આવ્યા છે.

શ્રી ફુંચારા નાયબ કલેકટર અછત તરીકેભુજમાંકરજ બજાવતા હતા તેઓ શનિવાર સુધીમાં પોતાની નવી જગ્યાનો ચાર્જ સંભાળી લેશે તેમ મનાઈ રહ્યું છે.

શ્રી દવે સાથે જે અન્ય નાયબ કલેકટરોની બદલી કરવામાં આવી છે તેમાં એસ.એન. ગામીત, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી નવસારી, શ્રી કે.જે. રાઠોડ નવસારી કલેકટર કચેરી, એ.કે. પ્રજાપતિ નાયબ કલેકટર અછત સુરેન્દ્રનગર, શ્રી પ્રકાશ મોદી પ્રોજેકટ ઓફિસર મહેસુલ વિભાગ, શ્રી એચ.સી. મોદી નાયબ કલેકટર સ્ટેમ્પ ડયુટી નવસારી, શ્રી એમ.ટી. ગામીત રાજકોટ મ્યુનિ. કોર્પોરેશન અને શ્રી જી.સી. નાયકનો સમાવેશ થાય છે.

શ્રી પ્રકાશ મોદીને બદલીને ચુંટણી કમિશનરશ્રીની કચેરીમાં મુકવામાં આવ્યા છે. જયારે એસ.એન. ગામીતને નાયબ કલેકટર સ્ટેમ્પ ડયુટી નર્મદા તરીકે મુકવામાં આવ્યા છે. જયારે કે.જે. રાઠોડને નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી નવસારી તરીકે મુકવામાં આવ્યા છે.

જિલ્લામાં ચૂંટણી કામગીરી માટે હજુ ૫૦ વાહનો સંપાદિત કરાશે

ગાંધીનગર જિલ્લામાં ચૂંટણી કામગીરી માટે ૪૫૦ વાહનોની જરૂરિયાતની સામે માત્ર ૫૦ ટકા વાહનો ઉપલબ્ધ થતાં દિવાળી બાદ બાકીનાં વાહનો સંપાદિત કરવા આદેશ

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લામાં ચૂંટણીની કામગીરી માટે ૪૫૦ જેટલા વાહનોની જરૂરિયાત સામે ૫૦ ટકા જેટલા જ વાહનો ઉપલબ્ધ થતાં જિલ્લા કલેકટર શ્રી સ્વરૂપે દિપાવલી પછી વાહન સંપાદનની કામગીરી બે જ દિવસમાં સંપન્ન કરવા માટે તંત્રને તાકીદ કરી છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ વાહનોની ઉપલબ્ધિ માટે પ્રાદેશિક વાહન-વ્યવહાર વિભાગના અધિકારીશ્રીને બોલાવી જરૂરી સુવિધા તાત્કાલિક પુરી પાડવા માટે જણાવ્યું હતું. આ પછી હજુ પણ વાહનો પુરી સંખ્યામાં ઉપલબ્ધ નહિ થયાનું જણાતાં જિલ્લા કલેકટરશ્રીએ વાહન સંપાદન માટે દિપાવલી પછી તુરત જ આ કામગીરી ઝડપથી પૂર્ણ કરવા માટેની સૂચનાઓ જારી કરી છે.

આ માટે સંબંધિત કચેરીઓને જરૂરી પત્ર વ્યવહાર પણ કરવામાં આવ્યો હતો. પરંતુ કચેરીઓ દ્વારા વાહનોની ફાળવણી માટે દાખવવામાં આવી રહેલી ઉદાસીનતાને લઈ જિલ્લા કલેક્ટરશ્રીએ સખ્ત નારાજગી વ્યક્ત કરી અને આ કામગીરીમાં ગતિ લાવવા જણાવ્યું છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ હવે ચૂંટણીના દિવસો નજીક આવી રહ્યા હોવાથી તાત્કાલિક આ બધી બાબતો પૂર્ણ કરવા માટે તેમણે તંત્રને કડક તાકીદ કરી છે.

ઈમેલ, એસએમએસ અને એમએમએસના જમાનામાં દિવાળી અને નવા વર્ષ ટાણે મોકલવામાં આવતાં ગ્રીટીંગ્સ કાર્ડ્સના આકર્ષણમાં ઘટાડો નોંધાયો છે. જોકે, નવી પેઢી વધુ નવી ટેકનોલોજીના રવાડે ચડી છે, વડીલો હજુ જૂની પ્રથાને વળગી રહ્યા છે ને એટલે ગ્રીટીંગ્સ કાર્ડ્સ પણ બજારમાં દેખી રહ્યાં છે. (તસવીર : દિપક જાની)

ચોથા વર્ગના ૪૨ હજાર કર્મચારીઓને બોનસ અને તહેવાર પેશગી અપાશે

ગાંધીનગર, તા.૭

રાજય સરકારના ચોથા વર્ગના અદના કર્મચારીઓ અને સેવકો દિવાળીના તહેવારો ઉમંગ-ઉત્સાહથી ઉજવી શકે તે માટે રૂ. ૩૫૦૦ની મહત્તમ મર્યાદામાં બોનસ ચૂકવવાનો અને રૂ. ૨૦૦૦ તહેવાર પેશગી આપવાના નિર્ણય રાજય સરકારે કર્યો છે.

ગુજરાત સકારમાં ચોથા વર્ગના એર્કદરે ૪૨,૦૦૦ કર્મચારીઓ સેવારત છે. જેમાં વર્ગ-૪ના કર્મચારીઓ, પંચાયત, બોર્ડ નિગમો અને ૧૦૦ ટકા સરકારી અનુદાન મેળવતી સંસ્થાઓના કર્મયોગીઓનો સમાવેશ થાય છે. તેમને રૂ. ૩૫૦૦ની મર્યાદામાં બોનસ અને રૂ. ૨૦૦૦ની તહેવાર પેશગી મળવાપાત્ર થશે. કર્મયોગીઓએ તહેવાર પેશગીની આ રકમ નિયમાનુસારના હપ્તામાં પરત ચૂકવવાની રહેશે.

॥ માતૃ દેવો ભવ: ॥
ચતુર્થ વાર્ષિક પુણ્યતિથિએ ભાવભીની શ્રધ્ધાંજલિ

સ્વ. ચંદ્રિકાબેન મૂળુભા મકવાણા
સ્વર્ગવાસ તા.૮-૧૧-૨૦૦૮, મજુભા
પ્રાર્થના અને પુષ્પાંજલી : સમય : રવાર ૯ થી ૧૧
છોડયે નહ તેરા સાથ આ સાથી રે... રે...
મરને દમ તક
મરને દમ નહી અગલે જનમ તક
અગલે જનમ નહી સાત જનમ તક
સાત જનમ નહી જનમ જનમ તક
જો સ્વર્ગી રે તેરેબીના જી કયાં જુના
જલ દિલ હી ટૂટ ગયા અબ ક્યું કર કરે
- મજુભા મકવાણા
Death is Certain for all - મૂળુભા મકવાણા (મજુભા)
ફોન નં.: ૨૩૨૨૦૦૦૦, મો. ૯૪૨૮૮૦૦૦૦૮, ગાંધીનગર.

LCD TV રીપેરીંગ
સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૧૧૫.
મો ૯૪૨૬૪૪૨૦૮૫, ૯૯૨૪૧૬૮૩૬૬

પુણ્ય સ્મરણ
પરહિત વસ જિન્હ કે મન માહીં ।
તિન્હ કહું જગ દુર્લભ કછુ નાહીં ॥
આજે દશમી પુણ્યતિથિએ
આપના દિવ્ય આત્માને શત્ શત્ પ્રણામ
વાસુદેવ વિષ્ણુપ્રસાદ જહા
મહાભયણ - આસો વદ-૯ વિ. સં. - ૨૦૫૮

જેસલમેર-જોધપુર
જેસલમેર-A.C. Hotel
જેસલમેર
GOA
શિવ ટ્રાવેલ્સ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન-૨૩૨૨૨૫૩૧,૨૩૨૩૫૩૧

100% JOB PLACEMENT GUARANTEE
100% Secure Your Future
Nice-Dream Animation Academy
Diwali Offer 30% Discount on all Courses
Auto CAD હવે ગાંધીનગરમાં
On Sunday 3-00 to 7-00
Other Courses
• Advance in Animation
• Advance in Web Design
• Graphic Design • Web Design
• 3D Animation • VFX
• CCC • Auto-CAD • Tally
Karnav Dave
(Director)
443, 3rd Floor, Above Midway Hotel, B/h. HDFC Bank, Nr. GH-5, Sector-16, Gandhinagar.
Mo. 8000727038 / 9723170986
www.nicedream.co.in,
nicedream_nd@yahoo.com

લેટેસ્ટ ડીઝાઈનમાં
જીન્સ-કોટન પેન્ટ
૨ પેન્ટ ૬૯૫/- ૭૯૫/- ૯૯૫/- ૧૧૯૫/- ૧૩૯૫/-
શર્ટ અને ટી શર્ટ
૨ નંગ ૪૯૫/- ૬૯૫/- ૭૯૫/- ૯૯૫/- ૧૧૯૫/-
(Factory Outlet) સમય ૧૦ થી ૮
મુરલીધર
• C/ 7-C/ 8, કોબા એપરલપાર્ક, હોટલ મેનેજમેન્ટ ઇન્સ્ટીટયુટની બાજુમાં, કોબા, ગાંધીનગર.
• ૮-૧૬, ન્યુ ગ્રીન માર્કેટ, ખોખરા, અમદાવાદ.

માસ દિવાળી
આપણા પોતાના ઘરનું સ્વપનું હવે ચોક્કસ થશે સાકાર
• હોમ લોન
• પ્રોપર્ટીગત લોન
• મોર્ગેજલોન લોન
આપનું મનપસંદ ટુ-વ્હીલર વસાવો 0% વ્યાજ દરે
૨૦૦૨ પછીના મોડલ પર ફાયનાન્સ મેળવો
ટાટા એસ / મહીન્દ્રા મેક્ષીમો ફોર વ્હીલર વસાવો ૮૦% સુધી લોન મેળવો
નવી થ્રી વ્હીલર રીક્ષા વસાવો ૮૫% સુધી લોન મેળવો
કેશ લોન ૧૦ હજારથી ૭૫ હજાર સુધી
મશીનરી લોન
માસ ફાયનાન્સિયલ સર્વિસીસ લિમીટેડ
ગાંધીનગર : ૨૩૨૮૮૯૫૩, ૯૯૨૩૦૨૨૯૮૦
૯૯૦૪૩૦૧૩૫૦/૫૧